(31)

Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

ક્રમાંક: યુ.ક. અને શા.શિ./૨૧૮૨૬/૨૦૧૮-૧૯
તા. ૦૭/૧૨/૨૦૧૮

-:પરિપત્ર:-

પ્રતિ,
સંલગ્ન કોલેજના આચાર્યશ્રીઓ....
યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓ

વિષય :- યુનિવર્સિટી સ્ટુડન્ટ કાઉન્સિલ ચૂંટણી ૨૦૧૮-૨૦૧૯..

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષયના અનુસંધાનમાં જણાવવાનું કે યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને અને યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓને પરિપત્ર ક્રમાંક : યુ.ક. અને શા.શિ./૨૦૯૨૮/૨૦૧૮-૧૯ તા.૨૦/૧૧/૨૦૧૮માં સ્ટુડન્ટ કાઉન્સિલ રચનાનું કાર્ય તા. ૧૨/૦૧/૨૦૧૯ સુધીમં પુર્રું કરવાનું એમ જણાવેલ હતું. પરંતુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ની યુનિવર્સિટી સ્ટુડન્ટ કાઉન્સિલની રચના સિન્ડિકેટ તા. ૦૩/૧૧/૨૦૧૮ની બાબત ક્રમાંક : ૫૯ થી તા. ૦૧/૦૧/૨૦૧૯ થી તા. ૧૨/૦૧/૨૦૧૯ સુધીમાં પુર્ણ કરવા જણાવેલ છે. તે અંગે યોગ્ય કાર્યવાહી કરશોજી.

સહકારની અપેક્ષા સહ.

લિ. ભવદીય

ઇ.ચા.કુલસચિવ

B.K.M. SCIENCE COLLEGE VALSAD GUJARAT INDIA

File:Yoth Welfare & Phy. Edu./PARIPTRA

15-12-18

Students Council election
Rules and Regulation of Veer Narmad

## <u>વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત</u> South Gujarat University Surat

માનનીય સુપ્રિમ કોર્ટના ચુકાદા મુજબ શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮થી અમલમાં આવેલ સ્ટુડન્ટ યુનિયનનું બંધારણ સંલગ્ન કાલેજો/ યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગોના સ્ટુડન્ટ્સ યુનિયન (વિદ્યાર્થી સંઘ) તથા સ્ટુડન્ટ્સ કાઉન્સિલ (વિદ્યાથી પ્રતિનિધિ સભા)નું બંધારણ.

સુધારા વધારા સાથેનુ આ બંધારણ ૨૦૧૬-૧૭ના શૈક્ષણિક વર્ષથી તમામ સંલગ્ન કોલેજો અને <u>અનુસ્નાતક ભવનો/ કેન્દ્રોએ ફરજીયાત રીતે અમલમાં મુકવાનું રહેશે.</u>

### (૧) ઉદ્દેશો :-

(૧) વિદ્યાર્થીઓને આદર્શ નાગરિક બનાવવા તેમના બૌધિક, સામાજિક, સાંસ્કૃતિક, શારીરિક એમ સર્વાંગી વિકાસ તરફ દોરી જનાર અભ્યાસોત્તર પ્રવૃતિઓ વિકસાવવી.

(૨) સમૂહ ભાવના વિકસે એવી પ્રવૃતિઓ યોજી વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય એકતા તેમજ આંતર રાષ્ટ્રીય ભ્રાતૃત્વની લાગણીને પ્રોત્સાહિત કરવી. વધુમાં સમાજસેવા, સહકાર અને પરસ્પર આદરની પ્રવૃતિઓને પ્રોત્સાહિત કરી તેમનામાં નેતૃત્વ ગુણ વિકસાવવા.

(૩) વિદ્યાર્થીઓમાં અહિંસા, સત્ય અને સહિષ્ણુતાના વિચારો વિકસાવવા તેમજ વિદ્યાર્થીઓએ વિદ્યાર્થી મંડળનાં સંચાલનમાં બંધારણીય અને અહિંસક પ્રથાઓ અનુસરવી.

(૪) ગરીબ વિદ્યાર્થીઓ માટે તબીબી સહાય અને પાઠ્ય પુસ્તકો પૂરા પાડવા જેવી યોજના દ્વારા વિદ્યાર્થી કલ્યાણ વિકસાવવું.

### (૨) સભ્યપદ :-

(૫) કોલેજમાં અભ્યાસ કરતાં બધા પૂર્વસ્નાતક, સ્નાતકોત્તર અને અનુસ્નાતક વિદ્યાર્થીઓ આપોઆપ જે તે કોલેજ સ્ટુડન્ટસ યુનિયનના સભ્ય બનશે.

(૬) યુનિવર્સિટીમાં નોંધાયેલા બધા અનુસ્નાતક વિદ્યાર્થીઓ જે યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગમાં તેઓ અભ્યાસ કરતા હોય તેવા સ્ટુડન્ટસ યુનિયનના આપોઆપ સભ્યો બનશે.

(૭) દરેક પૂર્વસ્નાતક, સ્નાતકોત્તર વિદ્યાર્થી પોતાની કોલેજને સિન્ડિકેટની મંજૂરીથી સત્રદીઠ નકકી કરેલી રકમ યુનિયન ફી તરીકે આપશે.

(૮) યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગમાં અભ્યાસ કરતો દરેક વિદ્યાર્થી વખતોવખત નકકી થતી રકમ સત્રદીઠ યુનિયન ફી તરીકે આપશે. જે તે કોલેજના અનુસ્નાતક કેન્દ્રમાં અભ્યાસ કરતો દરેક વિદ્યાર્થી તે કોલેજે નકકી કરેલા દરે સત્રદીઠ યુનિયન ફી આપશે.

B.K.M. SCIENCE COLLEGE VALSAD GUJARAT INDIA

(૯) કોલેજના કે યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગના સ્ટાફના સભ્યો જે તે કોલેજ કે અનુસ્નાતક વિભાગમાં સ્ટુડન્ટસ યુનિયનના માનદ સભ્યો બનશે.

(૧૦) કોલેજના આચાર્ય કે યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગના વડા જે તે કોલેજ કે યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગના સ્ટુડન્ટસ યુનિયનના હોદ્દાની રુએ પ્રમુખ બનશે.

## (૩) સ્ટુડન્ટસ કાઉન્સિલ (વિદ્યાર્થી પ્રતિનિધિ સભા)

(૧) દરેક કોલેજ કે યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગમાં સ્ટુડન્ટ કાઉન્સિલ રહેશે. જેની રચના નીચે મુજબ કરવામાં આવશે.

(૨) જે વર્ગ (ડિવિઝન)માં ૫૫ (પંચાવન) કે તેથી ઓછા વિદ્યાર્થી હોય તો તેમાં એક પ્રતિનિધિ ચૂંટવો અને ૫૫ (પંચાવન) થી વધારે હોય તો બે પ્રતિનિધિ ચૂંટવા. પરંતુ જો કોઇ વર્ગમાં ૨૦% થી વધારે વિદ્યાર્થીનીઓની સંખ્યા હોય, તેમાં બે વર્ગ પ્રતિનિધિ પૈકીની એક બેઠક વિદ્યાર્થીની માટે અનામત રાખવી.

(૩) કોઇ પણ બેઠક ચૂંટણી ન થવાને કારણે ખાલી રહેતી તે બેઠક પર આચાર્યશ્રી / વિભાગના વડા તે જગ્યાને અનુરૂપ પ્રતિનિધિ તે વર્ગમાંથી લાયકાત ધરાવતા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીને નિમણૂંક (Nominate) કરી શકશે.

## (૪) સ્ટુડન્ટસ કાઉન્સિલમાં ઉમેદવાર તરીકેની લાયકાત

(૧) (અ) ઉમેદવારની ઉમર જે તે શૈક્ષણિક વર્ષની ૧લી જુલાઇથી ગણતા સ્નાતક કક્ષાએ વધુમાં વધુ ૨૧(એકવીસ) વર્ષની હોવી જોઇએ.

(બ) અનુસ્નાતક, એલ.એલ.બી. તથા એમ.બી.બી.એસ. માટે ૨૪(ચોવીસ) વર્ષ

(ક) એલ.એલ.એમ. / એમ.એડ.માટે - ૨૬ (છવ્વીસ) વર્ષ

(ડ) એમ.ફીલ. / પી.એચ.ડી. (રીસર્ચ સ્ટુડન્ટ હોય તો ) ૨૮(અઠ્ઠાવીસ) વર્ષ

(૨) (૧) વર્ગ પ્રતિનિધિ તરીકે ઉમેદવારી કરનાર વિદ્યાર્થીના આગલા વર્ષની કોઇ પણ પરીક્ષામાં પેપર પાસ કરવાના બાકી ન હોવા જોઇએ કે એ.ટી.કે.ટી. (Arrears) હોવી જોઇએ નહી.

(૨) યુનિવર્સિટી કે બોર્ડ દ્વારા લેવાયેલ છેલ્લી પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦% સાથે પાસ કરેલ હોવી જોઇએ.

(૩) ઉમેદવારી કરનાર કે ચૂંટાયેલ વિદ્યાર્થીની હાજરી કોલેજમાં ૬૦% હોવી જોઇએ.

B.K.M. SCIENCE COLLEGE VALSAD GUJARAT INDIA

(૪) વિદ્યાર્થી શૈક્ષણિક કારકિર્દી દરમ્યાન જી.એસ. તરીકે એક વખત અને સી.આર. કે એલ.આર. તરીકે બે વખત ચૂટાઇને પ્રતિનિધિત્વ કરી શકશે.

(૫) ઉમેદવારનો કોઇપણ પ્રકારનો પૂર્વ ગુનાહિત રેકોર્ડ હોવો જોઇએ નહી; એટલે કે ઉમેદવાર વિરૂધ્ધ ફોજદારી ગુનાહ અથવા ગેરવર્તણુક સંબંધે ગુનાહીત કાર્યવાહી અને /અથવા સજા થયેલી હોવી જોઇશે નહી. કોલેજ કે યુનિવર્સિટી સત્તા મંડળમાં કે અન્ય કોઇ સંસ્થા ધ્વારા ઉમેદવાર વિરૂધ્ધ શિસ્તભંગના પગલા ભરેલા હોવા જોઇશે નહી. પરીક્ષાની ગેરરીતીમાં સજા થયેલી હોવી જાઇશે નહી.

(૬) જે વર્ગમાં વર્ગ પ્રતિનિધિનું પદ ખાલી રહેશે. તેનું સિલેકશન આચાર્યશ્રી / વડાશ્રી કરશે. વર્ગ પ્રતિનિધિની પસંદગી વખતે તે વિદ્યાર્થી/વિદ્યાર્થીનીની શૈક્ષણિક સાંસ્કૃતિક, રમત-ગમત ક્ષેત્રે વગેરે વિશિષ્ટ સિધ્ધીને ધ્યાનમાં રાખીને કરશે. તેમજ ઉપર જણાવેલ સ્ટુડન્ટસ કાઉન્સિલમાં ઉમેદવાર તરીકેની ૧ થી ૫ લાયકાત ધરાવતો હોવો જોઇએ.

## (૫) યુનિવર્સિટી અનુસ્નાતક ભવનો / બી.એડ્. કોલેજ માટે :-

યુનિવર્સિટી અનુસ્નાતક ભવનો / બી.એડ. કોલેજ માટે ઓછામાં ઓછા (૮) પ્રતિનિધિઓની બનેલી સ્ટુડન્ટસ કાઉન્સીલ રહશે. જેમાં એક ડિવિઝન હોય તો ત્યાં સીધા આઠ પ્રતિનિધિઓ તથા જ્યાં બે કે તેથી વધુ ડિવિઝનો હોય ત્યાં તમામ ડિવિઝનોનું પ્રતિનિધિત્વ જળવાઇ રહે તે રીતે કુલ ૮ પ્રતિનિધિઓની નિમણુંક આચાર્ય વિભાગના વડા કરશે. આ સમિતિની રચનામાં ઓછામાં ઓછા બે (૨) બહેનોનું પ્રતિનિધિત્વ અનિવાર્ય છે.

**(૬)** સંલગ્ન કોલેજો/યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગોની સ્ટુડન્ટ કાઉન્સીલ માટે એક જનરલ સેક્રેટરીના હોદ્દા માટેની ચૂંટણી જે તે કોલેજ / અનુસ્નાતક વિભાગના બધા વિદ્યાર્થીઓ ધ્વારા ચૂંટાયેલા વર્ગ પ્રતિનિધિઓ પોતાનામાંથી ચૂંટશે. જનરલ સેક્રેટરી તરીકે જે વ્યક્તિ ચૂંટાય તે વ્યક્તિ હોદ્દાગત રીતે જે તે કોલેજ / અનુસ્નાતક વિભાગના યુનિવર્સિટી પ્રતિનિધિ તરીકે યુનિવર્સિટી સ્ટુડન્ટસ કાઉન્સીલના સભ્ય બનશે.

(૧) શૈક્ષણિક વર્ષમાં એકવાર જનરલ સેક્રેટરીની ચૂંટણી થઇ ગયા બાદ વર્ષની અધવચમાં જગ્યા ખાલી પડે તો તે જગ્યા બાકીની મુદ્દત માટે પુરવા જે તે અનુસ્નાતક કેન્દ્ર, સંલગ્ન કોલેજોની સ્ટુડન્ટસ કાઉન્સીલને સત્તા રહેશે.

B.K.M. SCIENCE COLLEGE VALSAD GUJARAT INDIA

(૨) સંલગ્ન કોલેજ / યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગના ચૂંટાયેલા વર્ગપ્રતિનિધિ / જનરલ સેક્રેટરી (સામાન્ય મંત્રી) ના કાર્યકાલની મુદ્દત તે જે વર્ષ માટે ચૂંટાયેલ હોય તે શૈક્ષણિક વર્ષ (વેકેશન સહિત)ના અંત સુધી રહેશે.

(૭) સ્ટુડન્ટ્સ કાઉન્સીલની આચાર સંહિતા, નિયમો, ધારાધોરણો તથા સૂચનાઓ વખતો વખત યુનિવર્સિટી સિન્ડીકેટ નક્કી કરશે. જે સ્ટુડન્ટ કાઉન્સીલના બધા સભ્યોને બંધનકર્તા રહેશે. આ આચાર સંહિતા, નિયમો, ધારાધોરણો અને સૂચનાઓ અંગે પ્રમુખશ્રીને અર્થઘટનની સત્તા રહેશે.

(૮) (અ) સ્ટુડન્ટ કાઉન્સીલ પર સાત શિક્ષકોને સલાહકાર સભ્યો તરીકે પ્રમુખ નિયુક્ત કરશે.

(બ) પ્રમુખ સ્ટુડન્ટ્સ કાઉન્સીલ પર નિમાયેલા શિક્ષકોમાંથી એક એકને નીચે કલમ(૧૦) મુજબ રચાયેલી સ્ટુડન્ટ કાઉન્સીલની જુદી જુદી સમિતિ પર અધ્યક્ષ (ચેરમેન) તરીકે નીમશે.

(ક) નીચે જણાવેલ કલમ(૧૦) મુજબ રચાયેલી સ્ટુડન્ટ્સ કાઉન્સીલની જુદી જુદી સમિતિઓ પર ઉપાધ્યક્ષ તરીકે વિદ્યાર્થી પ્રતિનિધિઓમાંથી ગમે તે એકને ચૂંટશે.

(૯) સ્થાનિક પરિસ્થિતિને લક્ષમાં રાખીને પ્રમુખ સ્ટુડન્ટસ કાઉન્સીલની ચૂંટણીનું તથા જનરલ સેક્રેટરીની ચૂંટણીનું કાર્ય કોલેજ / યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગ શરૂ થવાની તારીખથી ૬ થી ૮ અઠવાડીયામાં પૂરું કરવા જરૂરી પગલાં લેશે. (કોલેજમાં ચાલતાં અનુસ્નાતક કેન્દ્રોના પ્રવેશ દોઢ મહિના કરતાં વધુ મોડા થયા હોય તે પ્રવેશ પહેલા પણ ચૂંટણી કરી શકાશે.) સ્ટુડન્ટ્સ કાઉન્સીલના વર્ગ પ્રતિનિધિઓના ચૂંટણીનું પરિણામ જાહેર થયા પછી વધુમાં વધુ ૩૦ મિનિટ સુધીમાં નીચે કલમ (૧૦) મુજબ ના કાર્ય માટે સ્ટુડન્ટ્સ કાઉન્સીલ ફરજીયાત રીતે મળશે. આ સમય મર્યાદામાં ચૂંટાયેલા સભ્યો પૈકી જો કોઇ પ્રતિનિધિ સભાના સ્થળે હાજર રહે નહિ તો પ્રમુખશ્રી નીચેની કલમ (૧૦) મુજબનાં કાર્યો ઉપસ્થિત સભ્યોથી પુરાં કરાવશે. પ્રસ્તુત સમય મર્યાદામાં જો કોઇ પણ ચૂંટાયેલા વર્ગ પ્રતિનિધિ હાજર રહેશે નહિ તો પ્રમુખશ્રી કલમ (૧૦) મુજબની કામગીરી ચૂંટાયેલા વર્ગ પ્રતિનિધિમાંથી નિયુક્તિ ધ્વારા કરશે. આ નિયુક્તિને ચૂંટાયેલા વર્ગ પ્રતિનિધિઓ સ્વીકારશે નહિ તો પ્રમુખશ્રી કૉલેજના અન્ય વિદ્યાર્થીઓમાંથી આ નિયુક્તિ કરવા મુખત્યાર રહેશે

(૧૦) સ્ટુડન્ટ્સ કાઉન્સિલ ચૂંટણીના આખરી પરિણામની જાહેરાત બાદ ૩૦ મિનિટ બાદ તુર્ત જ નીચે જણાવેલ કાર્યો માટે મળશે.

(અ) જનરલ સેક્રેટરીની ચૂંટણી કરવી.

SCIENCE COLLEGE VALSAD GUJARAT INDIA

(બ) નીચેની સમિતિઓની રચના કરવી.

(૧) નાણાં અને વિદ્યાર્થી કલ્યાણ સમિતિ.

(૨) જીમખાના સમિતિ.

(૩) સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ સમિતિ.

(૪) સાહિત્યિક, વાદ્સભા અને વકતૃત્વ જેવી બૌધિક પ્રવૃત્તિ માટેની સમિતિ.

(૫) મેગેઝીન સમિતિ.

(૬) શૈક્ષણિક પ્રવાસ સમિતિ.

(૭) પ્લાનીંગ ફોરમ

ઉપર્યુકત સમિતિ પર એક મંત્રી અને સ્ટુડન્ટ્સ કાઉન્સિલના ચૂંટાયેલા પ્રતિનિધિઓમાંથી ત્રણ સભ્યોની ચૂંટણી કરવી.

(ક) ઉપર્યુકત ચૂંટણી પૂરી થયા બાદ પ્રમુખશ્રી કાઉન્સિલ પર ત્રણ વિદ્યાર્થીઓ નિયૂકત કરશે.

(ખ) હોદ્દાગ્રહણના શપથ લેવા અને લેવડાવવા.

(ગ) પ્રમુખશ્રીની પરવાનગીથી જે કોઇ અન્ય બાબત રજૂ થાય તે.

(ડ) ઉપરોકત ચૂંટણી માટે ચૂંટાયેલા વર્ગપ્રતિનિધિઓ, સભામાં મૌખિક અથવા લેખિત પ્રમુખશ્રી નકકી કરે તે પધ્ધતિથી ઉમેદવારે પોતે ઉમેદવારી નોંધાવવાની રહેશે. (દરખાસ્ત અને ટેકાની વિધિ કરવાની રહેશે નહિ.) સભામાં ઉમેદવાર પોતાનો વ્યકિતગત પરિચય અને પોતાની ભાવી કામગીરીનો ખ્યાલ આપતાં પ્રવચનમાં પોતાની ઉમેદવારીનો પ્રચાર કરી શકે એવી વ્યવસ્થા પ્રમુખશ્રી સભા દરમ્યાન કરશે.

## (૧૧) સભાનું કોરમ અને તેની કાર્યવાહી :-

૧. (૧) કલમ (૧૦)ની કામગીરી માટે નિમાયેલી સભા સિવાય સ્ટુડન્ટ્સ કાઉન્સિલ અને વિવિધ સમિતિની સભા માટે કોરમ (કાર્યસાધક સંખ્યા) તેની કુલ સભ્ય સંખ્યાની અડધી સંખ્યા જેટલું રહેશે. જો એ અપૂર્ણાંક સંખ્યા હોય તો તેની પછીની સંખ્યા ગણાશે. (દાખલા તરીકે કુલ સભ્ય સંખ્યા: ૯ હોય તો તે ૫ નું કોરમ ગણાશે.) કોરમનાં અભાવે મુલતવી રહેલી સભા અડધા કલાક બાદ તે જ કામ માટે મળી શકશે અને તેને કોરમની જરૂર રહેતી નથી. આવી મુલતવી રહેલી સભામાં થયેલું કામ કાયદેસર ગણાશે.

B.K.M. SCIENCE COLLEGE VALSAD GUJARAT INDIA

(૨) સ્ટુડન્ટ્સ કાઉન્સિલના તથા તેની વિવિધ સમિતિઓના બધા નિર્ણયો પ્રમુખશ્રીની મંજૂરીને આધિન રહેશે. કોઇપણ સભાના ઓછામાં ઓછા ત્રણ દિવસ પહેલાં સભાની કાર્યસૂચિની નકલ પ્રમુખશ્રીને તેમની જાણ માટે પહોંચાડવાની રહેશે. તે સભાની કાર્યવાહી તે સભા બાદ ત્રણ દિવસમાં પ્રમુખશ્રીને મંજૂરી માટે મોકલવાની રહેશે.

(૩) પ્રમુખશ્રી સ્ટુડન્ટ્સ કાઉન્સિલ સભાનું પ્રમુખસ્થાન સંભાળશે. તેમની અનઉપસ્થિતમાં તેમના ધ્વારા નિયુક્ત શિક્ષક સભાનું પ્રમુખસ્થાન સંભાળશે.

(૪) જો સ્ટુડન્ટ્સ કાઉન્સિલમાં ખાલી જગ્યા પડે તો પ્રમુખશ્રી જે વર્ગમાં ખાલી જગ્યા પડી હોય તેમાંથી સભ્યની નિમણૂંક કરીને ખાલી જગ્યા પૂરી દેશે. જો વિવિધ સમિતિઓમાં ખાલી જગ્યા પડી હોય તો સ્ટુડન્ટ્સ કાઉન્સિલ તેની બીજી સભામાં તે જગ્યા પૂરશે. સ્ટુડન્ટ્સ કાઉન્સિલનાં તથા વિવિધ સમિતિઓમાં કોઇ જગ્યા ખાલી હોય તો પણ રાબેતા મુજબનું કાર્ય તેઓ કરી શકશે.

**હિસાબ:-**

**(૧૨)** (૧) નાણાં સમિતિના અધ્યક્ષ સ્ટુડન્ટ્સ યુનિયનનાં ખજાનચી હશે.

(૨) નાણાં સમિતિ સ્ટુડન્ટ્સ કાઉન્સિલની મંજૂરી માટે બજેટનો મુસદ્દો તૈયાર કરશે અને યુનિયનનાં ભંડોળના યોગ્ય હિસાબ માટે જવાબદાર રહેશે.

(૩) સ્ટુડન્ટ્સ યુનિયનનું જુદું બેંક ખાતુ રહેશે. પ્રમુખ અને ખજાનચીને યુનિયન વતી ચેક પર સહી કરવાની સત્તા રહેશે.

(૪) (અ) સત્રદીઠ મળેલી યુનિયન ફી ની ઓછામાં ઓછી ૧૦% રકમ યુનિયનનાં અનામત ભંડોળમાં જમા કરાવવાની રહેશે. અનામત ભંડોળનું વ્યાજ પણ તેમાં જમા કરાવવાનું રહેશે. યુનિયનની આગલા વર્ષની બચત પણ (જો કાંઇ હોય તો) નવા વર્ષની શરૂઆતમાં સ્ટુડન્ટ્સ યુનિયનના અનામત ભંડોળમાં જમા કરાવવાની રહેશે.

(બ) અનામત ભંડોળની રકમનો ઉપયોગ ઉદ્દેશોના વિકાસ માટે ઉપયોગી કે જરૂરી હોય તેવી કાયમી કે ટકાઉ સ્વરૂપની મિલ્કતો ઉભી કરવા માટે કરી શકાશે. આ માટે સ્ટુડન્ટ્સ કાઉન્સિલની વિવિધ સમિતિઓ યોગ્ય દરખાસ્ત તૈયાર કરશે. નાણાં સમિતિ આ દરખાસ્ત તપાસીને અનામત ભંડોળની રકમમાંથી ખર્ચ કરવાની અને જરૂરી કાર્યવાહી કરવાની સત્તા આપવા પ્રમુખશ્રીને વિનંતી કરશે.

B.K.M. SCIENCE COLLEGE VALSAD GUJARAT INDIA

(ક) વિદ્યાર્થી સભાના ઉદ્દેશોને અનુરૂપ અને તે સિધ્ધ થાય તે રીતે જ ભંડોળનો ઉપયોગ કરવાનો રહેશે. સામાન્યતઃ રમતગમત પ્રવૃત્તિ માટે ૫૦% તથા અન્ય પ્રવૃત્તિઓ માટે ૪૦% ભંડોળનો ઉપયોગ કરવો વધુમા કોઇક પ્રવૃત્તિનાં નાણાં વણવપરાયેલા રહે તો તે નાણાં બીજી પ્રવૃત્તિમાં તબદીલ કરવાની સત્તા પ્રમુખ/ વડાને આપવી.

(૫) સ્ટુડન્ટ્સ કાઉન્સિલની કોઇ સમિતિએ કે સમિતિ વતી કરવા ધારેલ તથા કરાયેલ ખર્ચ અંગે કોઇ મતભેદ કે શંકા હોય તો તે અંગે પ્રમુખશ્રીનો નિર્ણય આખરી બંધનકર્તા રહેશે.

(૬) સ્ટુડન્ટ્સ યુનિયનનો તમામ પ્રકારનો આર્થિક વહીવટ અને વ્યવહાર પ્રમુખશ્રીની મંજૂરીને આધિન કરવાનો રહેશે.

(૭) સ્ટુડન્ટ્સ યુનિયનનું હિસાબી વર્ષ ૧ એપ્રિલથી પછીના વર્ષની ૩૧મી માર્ચ દરમ્યાનનું ગણાશે. પ્રમુખ આગલા વર્ષનો હિસાબ જેમ બને તેમ જલદી ઓડિટ કરાવવાની વ્યવસ્થા કરશે. તે ઓડિટ કરેલો હિસાબ પ્રથમ સત્રમાં કોલેજ કે વિભાગના નોટીસ બોર્ડ પર મૂકવો. આ હિસાબ કોલેજ મેગેઝીનમાં પણ છપાવવો.

## (૧૩) યુનિવર્સિટી સ્ટુડન્ટ્સ કાઉન્સિલઃ-

(૧) યુનિવર્સિટી કક્ષાએ એક યુનિવર્સિટી સ્ટુડન્ટ્સ કાઉન્સિલ રહેશે. આ કાઉન્સિલ જુદી જુદી કોલેજોના અને યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગના સ્ટુડન્ટ્સ યુનિયનની પ્રવૃત્તિઓના સંકલન કરવાનું કાર્ય કરશે. યુનિવર્સિટી જે વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિ યોજે તે પ્રવૃત્તિ કાઉન્સિલને પણ સોંપી શકશે.

(૨) યુનિવર્સિટી સ્ટુડન્ટ્સ કાઉન્સિલ કોલેજો/ યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગોનાં સ્ટુડન્ટ્સ કાઉન્સિલે ચૂંટેલા જનરલ સેક્રેટરીઓની બનેલી રહેશે. કોલેજ /યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગના ચૂંટાયેલાં જનરલ સેક્રેટરી યુનિવર્સિટી પ્રતિનિધિ તરીકે યુનિવર્સિટી સ્ટુડન્ટ્સ કાઉન્સિલના સભ્યો બનશે.

(૩) યુનિવર્સિટી સ્ટુડન્ટ્સ કાઉન્સિલ ઓછામાં ઓછી વર્ષમાં એક વખત અથવા કુલપતિશ્રી ઇચ્છે ત્યારે મળશે.

(૪) કુલપતિશ્રી યુનિવર્સિટી સ્ટુડન્ટ્સ કાઉન્સિલ પર પાંચ શિક્ષક સભ્યોની નિમણૂંક કરશે.

(૫) કુલપતિશ્રી યુનિવર્સિટી સ્ટુડન્ટ્સ કાઉન્સિલનાં પ્રમુખ રહેશે. તેમની અનઉપસ્થિતમાં નિમાયેલાં સભ્યો પૈકી કુલપતિશ્રી નકકી કરે તે શિક્ષક અધ્યક્ષ રહેશે.

(૬) યુનિવર્સિટી સ્ટુડન્ટ્સ કાઉન્સિલનાં બધાં નિર્ણયો પ્રમુખશ્રીની મંજૂરીને આધિન રહેશે. કાઉન્સિલની સભાનાં ઓછામાં ઓછા ત્રણ દિવસ અગાઉ સભાની કાર્યસૂચિની નકલ સભ્યોને પહોચાડવાની રહેશે.

B.K.M. SCIENCE COLLEGE
VALSAD
GUJARAT
INDIA

(ડ) વિદ્યાર્થી સભાના ઉદ્દેશોને અનુરૂપ અને તે સિધ્ધ થાય તે રીતે જ ભંડોળનો ઉપયોગ કરવાનો રહેશે. સામાન્યતઃ રમતગમત પ્રવૃત્તિ માટે ૫૦% તથા અન્ય પ્રવૃત્તિઓ માટે ૪૦% ભંડોળનો ઉપયોગ કરવો વધુમા કોઇક પ્રવૃત્તિનાં નાણાં વણવપરાયેલા રહે તો તે નાણાં બીજી પ્રવૃત્તિમાં તબદીલ કરવાની સત્તા પ્રમુખ/ વડાને આપવી.

(૫) સ્ટુડન્ટ્સ કાઉન્સિલની કોઇ સમિતિએ કે સમિતિ વતી કરવા ધારેલ તથા કરાયેલ ખર્ચ અંગે કોઇ મતભેદ કે શંકા હોય તો તે અંગે પ્રમુખશ્રીનો નિર્ણય આખરી બંધનકર્તા રહેશે.

(૬) સ્ટુડન્ટ્સ યુનિયનનો તમામ પ્રકારનો આર્થિક વહીવટ અને વ્યવહાર પ્રમુખશ્રીની મંજૂરીને આધિન કરવાનો રહેશે.

(૭) સ્ટુડન્ટ્સ યુનિયનનું હિસાબી વર્ષ ૧ એપ્રિલથી પછીના વર્ષની ૩૧મી માર્ચ દરમ્યાનનું ગણાશે. પ્રમુખ આગલા વર્ષનો હિસાબ જેમ બને તેમ જલદી ઓડિટ કરાવવાની વ્યવસ્થા કરશે. તે ઓડિટ કરેલો હિસાબ પ્રથમ સત્રમાં કોલેજ કે વિભાગના નોટીસ બોર્ડ પર મૂકવો. આ હિસાબ કોલેજ મેગેઝીનમાં પણ છપાવવો.

## (૧૩) યુનિવર્સિટી સ્ટુડન્ટ્સ કાઉન્સિલઃ-

(૧) યુનિવર્સિટી કક્ષાએ એક યુનિવર્સિટી સ્ટુડન્ટ્સ કાઉન્સિલ રહેશે. આ કાઉન્સિલ જુદી જુદી કોલેજોના અને યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગના સ્ટુડન્ટ્સ યુનિયનની પ્રવૃત્તિઓના સંકલન કરવાનું કાર્ય કરશે. યુનિવર્સિટી જે વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિ યોજે તે પ્રવૃત્તિ કાઉન્સિલને પણ સોંપી શકશે.

(૨) યુનિવર્સિટી સ્ટુડન્ટ્સ કાઉન્સિલ કોલેજો/ યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગોનાં સ્ટુડન્ટ્સ કાઉન્સિલે ચૂંટેલા જનરલ સેક્રેટરીઓની બનેલી રહેશે. કોલેજ /યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગના ચૂંટાયેલાં જનરલ સેક્રેટરી યુનિવર્સિટી પ્રતિનિધિ તરીકે યુનિવર્સિટી સ્ટુડન્ટ્સ કાઉન્સિલના સભ્યો બનશે.

(૩) યુનિવર્સિટી સ્ટુડન્ટ્સ કાઉન્સિલ ઓછામાં ઓછી વર્ષમાં એક વખત અથવા કુલપતિશ્રી ઇચ્છે ત્યારે મળશે.

(૪) કુલપતિશ્રી યુનિવર્સિટી સ્ટુડન્ટ્સ કાઉન્સિલ પર પાંચ શિક્ષક સભ્યોની નિમણૂંક કરશે.

(૫) કુલપતિશ્રી યુનિવર્સિટી સ્ટુડન્ટ્સ કાઉન્સિલનાં પ્રમુખ રહેશે. તેમની અનઉપસ્થિતમાં નિમાયેલાં સભ્યો પૈકી કુલપતિશ્રી નકકી કરે તે શિક્ષક અધ્યક્ષ રહેશે.

(૬) યુનિવર્સિટી સ્ટુડન્ટ્સ કાઉન્સિલનાં બધાં નિર્ણયો પ્રમુખશ્રીની મંજૂરીને આધિન રહેશે. કાઉન્સિલની સભાનાં ઓછામાં ઓછા ત્રણ દિવસ અગાઉ સભાની કાર્યસૂચિની નકલ સભ્યોને પહોચાડવાની રહેશે.

B.K.M. SCIENCE COLLEGE VALSAD GUJARAT INDIA

(ક) વિદ્યાર્થી સભાના ઉદ્દેશોને અનુરૂપ અને તે સિધ્ધ થાય તે રીતે જ ભંડોળનો ઉપયોગ કરવાનો રહેશે. સામાન્યતઃ રમતગમત પ્રવૃત્તિ માટે ૫૦% તથા અન્ય પ્રવૃત્તિઓ માટે ૪૦% ભંડોળનો ઉપયોગ કરવો વધુમા કોઇક પ્રવૃત્તિનાં નાણાં વણવપરાયેલા રહે તો તે નાણાં બીજી પ્રવૃત્તિમાં તબદીલ કરવાની સત્તા પ્રમુખ/ વડાને આપવી.

(૫) સ્ટુડન્ટ્સ કાઉન્સિલની કોઇ સમિતિએ કે સમિતિ વતી કરવા ધારેલ તથા કરાયેલ ખર્ચ અંગે કોઇ મતભેદ કે શંકા હોય તો તે અંગે પ્રમુખશ્રીનો નિર્ણય આખરી બંધનકર્તા રહેશે.

(૬) સ્ટુડન્ટ્સ યુનિયનનો તમામ પ્રકારનો આર્થિક વહીવટ અને વ્યવહાર પ્રમુખશ્રીની મંજૂરીને આધિન કરવાનો રહેશે.

(૭) સ્ટુડન્ટ્સ યુનિયનનું હિસાબી વર્ષ ૧ એપ્રિલથી પછીના વર્ષની ૩૧મી માર્ચ દરમ્યાનનું ગણાશે. પ્રમુખ આગલા વર્ષનો હિસાબ જેમ બને તેમ જલદી ઓડિટ કરાવવાની વ્યવસ્થા કરશે. તે ઓડિટ કરેલો હિસાબ પ્રથમ સત્રમાં કોલેજ કે વિભાગના નોટીસ બોર્ડ પર મૂકવો. આ હિસાબ કોલેજ મેગેઝીનમાં પણ છપાવવો.

## (૧૩) યુનિવર્સિટી સ્ટુડન્ટ્સ કાઉન્સિલઃ-

(૧) યુનિવર્સિટી કક્ષાએ એક યુનિવર્સિટી સ્ટુડન્ટ્સ કાઉન્સિલ રહેશે. આ કાઉન્સિલ જુદી જુદી કોલેજોના અને યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગના સ્ટુડન્ટ્સ યુનિયનની પ્રવૃત્તિઓના સંકલન કરવાનું કાર્ય કરશે. યુનિવર્સિટી જે વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિ યોજે તે પ્રવૃત્તિ કાઉન્સિલને પણ સોંપી શકશે.

(૨) યુનિવર્સિટી સ્ટુડન્ટ્સ કાઉન્સિલ કોલેજો/ યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગોનાં સ્ટુડન્ટ્સ કાઉન્સિલે ચૂંટેલા જનરલ સેક્રેટરીઓની બનેલી રહેશે. કોલેજ /યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગના ચૂંટાયેલાં જનરલ સેક્રેટરી યુનિવર્સિટી પ્રતિનિધિ તરીકે યુનિવર્સિટી સ્ટુડન્ટ્સ કાઉન્સિલના સભ્યો બનશે.

(૩) યુનિવર્સિટી સ્ટુડન્ટ્સ કાઉન્સિલ ઓછામાં ઓછી વર્ષમાં એક વખત અથવા કુલપતિશ્રી ઇચ્છે ત્યારે મળશે.

(૪) કુલપતિશ્રી યુનિવર્સિટી સ્ટુડન્ટ્સ કાઉન્સિલ પર પાંચ શિક્ષક સભ્યોની નિમણૂંક કરશે.

(૫) કુલપતિશ્રી યુનિવર્સિટી સ્ટુડન્ટ્સ કાઉન્સિલનાં પ્રમુખ રહેશે. તેમની અનઉપસ્થિતમાં નિમાયેલાં સભ્યો પૈકી કુલપતિશ્રી નક્કી કરે તે શિક્ષક અધ્યક્ષ રહેશે.

(૬) યુનિવર્સિટી સ્ટુડન્ટ્સ કાઉન્સિલનાં બધાં નિર્ણયો પ્રમુખશ્રીની મંજૂરીને આધિન રહેશે. કાઉન્સિલની સભાનાં ઓછામાં ઓછા ત્રણ દિવસ અગાઉ સભાની કાર્યસૂચિની નકલ સભ્યોને પહોંચાડવાની રહેશે.

B.K.M. SCIENCE COLLEGE VALSAD GUJARAT INDIA

(૭) યુનિવર્સિટી સ્ટુડન્ટ્સ કાઉન્સિલની સભામાં હાજરી આપવા માટે યુનિવર્સિટી પ્રતિનિધિઓનો ખર્ચ તે પ્રતિનિધિ જે કોલેજ/ યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગનાં પ્રતિનિધિ હોય તે કોલેજ / યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગનાં સ્ટુડન્ટ્સ યુનિયનનાં ફંડમાંથી કરવામાં આવશે.

(૮) વિદ્યાર્થી સભાના ઉદ્દેશોને સિધ્ધ કરવા માટે જો યુનિવર્સિટી તરફથી કોઇ પ્રવૃત્તિનું સંચાલન યુનિવર્સિટી કાઉન્સિલને સોંપાય તો તે પ્રવૃત્તિનાં ખર્ચ માટે યુનિવર્સિટી જોગાવઇ કરશે અને તે પ્રવૃત્તિનો ખાસ હવાલો સંભાળવા યુનિવર્સિટી એક કે વધારે વ્યકિતઓને નિમણૂંક આપશે. તે સંજોગોમાં તે પ્રવૃત્તિ કરવા માટે આવી રીતે નિમેલી વ્યકિત કે વ્યકિતઓનાં માર્ગદર્શન હેઠળ કાઉન્સિલ કાર્ય કરશે અને પ્રવૃત્તિ હાથ ધરશે.

(૯) જે કોલેજ/ યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગ આ બંધારણનો સંપૂર્ણ સ્વીકાર કરશે નહી તે કોલેજ/ યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગ કુલપતિશ્રીની પરવાનગી વિના તેના પ્રતિનિધિને યુનિવર્સિટી સ્ટુડન્ટ્સ કાઉન્સિલ પર મોકલી શકશે નહી.

(૧૦) વિદ્યાર્થી સભાના બંધારણમાં નિર્દિષ્ટ ઉદ્દેશો સિવાયની કોઇપણ પ્રવૃત્તિઓ કે પ્રસ્તાવો સ્ટુડન્ટ્સ યુનિયન/ કાઉન્સિલનાં કાર્યક્ષેત્રમાં આવશે નહી.

**(૧૪)** કોલેજના આચાર્યશ્રી / યુનિવર્સિટી વિભાગના વડા ચૂંટણીની આ પ્રકિયા ઉપર દેખરેખ રાખવા માટે ઇન્ડીપેન્ડન્ટ ઓબઝર્વરની નિમણુંક કરી શકશે. ચૂંટણી દરમ્યાન વિદ્યાર્થી કે ઉમેદવારને કોઇ સમસ્યા કે પ્રશ્ન હોય તો તે ઓબઝર્વરના ધ્યાન પર લાવવાનો રહેશે. ઓબઝર્વર ચૂંટણીની પ્રકિયા ઉપર દેખરેખ રાખશે.

**(૧૫) (૧) ગ્રીવેન્સીસ રીડ્રેસલ સેલ :-**

ચૂંટણી અંગે, ચૂંટણી પતી ગયા બાદ ઉભા થતા પ્રશ્નોના નીરાકરણ માટે કોલેજ તથા યુનિવર્સિટી કક્ષાએ એક ગ્રીવેન્સીસ રીડ્રેસલ સેલ રચવામાં આવશે. આ સેલના સભ્યો નીચે મુજબ રહેશે.

(૧) કોલેજમાં આચાર્ય અથવા આચાર્ય જેની નિમણુંક કરે અને યુનિવર્સિટી કક્ષાએ કુલપતિશ્રી જેની નિમણુંક કરે તે ગ્રીવેન્સીસ રીડ્રેસલ સેલના અધ્યક્ષ બનશે.

(૨) એક શ્રેયાન શિક્ષક

(૩) એક વહીવટી અધિકારી

(૪) બે ફાઇનલ ઇયરના વિદ્યાર્થીઓ જે પૈકી એક વિદ્યાર્થીની રહેશે

SCIENCE COLLEGE VALSAD GUJARAT INDIA

આ બે વિદ્યાર્થીઓનો અગાઉના વર્ષમાં અભ્યાસ અને કોકરીકયુલર એકટીવીટીઝમાં નોંધપાત્ર દેખાવ હોય તે જરૂરી છે.

(૨) ગ્રીવેન્સીસ રીડ્રેસલ ફોરમ આચાર સંહિતાનો ભંગ તથા ચૂંટણીના ખર્ચાઓ કે અન્ય ચૂંટણી સંબંધી બાબતોની ફરિયાદ સાંભળશે.

(૩) તેનું કાર્યક્ષેત્ર અદાલતની Original Jurisdiction જેવું રહેશે. તેના નિર્ણયની સામે કુલપતિશ્રીને અપીલ થઇ શકશે

(૪) આ સેલ જરૂર જણાયે હીયરીગ કરી શકશે, પૂરાવાઓ લઇ શકશે, અને પોતાની સમક્ષ ઉમેદવાર તેના એજન્ટ કે વધુમાં વધુ ૨(બે) વિદ્યાર્થીને પુરાવા માટે બોલાવી શકશે.

(૫) ગ્રીવેન્સીસ રીડ્રેસલ સેલના કોઇ સભ્ય પોતે ફરિયાદ દાખલ કરી શકશે નહિં, પરંતુ ચૂંટણી અંગેની બાબતોમાં વિદ્યાર્થી કે ઉમેદવાર આ સેલ સમક્ષ પરિણામ જાહેર થઇ ગયાના એક અઠવાડીયામાં ફરિયાદ દાખલ કરી શકશે.

(૬) સેલ કમ્પલેઇન મળ્યાના ૨૪ કલાકમાં તેના ઉપર કાર્યવાહી શરૂ કરશે. કયાં તો તેને ડીસમિસ કરી શકશે અથવા તેના ઉપર હીયરીગ કરશે.

(૭) કોઇ વ્યક્તિ અથવા સંસ્થાને બીજી રીતે નુકશાન થતું હોય તો અને તે અટકાવવુ જરૂરી હોય તો, ફરિયાદના હીયરીગના સમય દરમ્યાન વચગાળાનો કોઇપણ મનાઇ હુકમ આપી શકશે.

(૮) ફોરમનું હીયરીગ ઓપન રહેશે. ફરીયાદ કરનાર વધુમાં વધુ બે સાક્ષીઓ રજુ કરી શકશે. પરંતુ કોઇ પણ પક્ષકારને ઉલટ - તપાસ કરવાની તક આપવામાં આવશે નહી.

(૯) ગ્રી. રી. સેલ રૂલીગ - મેજોરીટીથી આપશે. હીયરીગ પૂરું થયા બાદ સેલ ૧૨ કલાકમાં તેનો નિર્ણય આપશે.

(૧૦) ગ્રી. રી. સેલના હુકમ સામે જે પક્ષકાર નારાજ હોય તે ૨૪ કલાકમાં કુલપતિશ્રીને અપીલ કરી શકશે. તેઓ ગ્રી. રી. સેલના હુકમને યથાવત રાખી શકશે; અથવા તો તેને બદલી અન્ય હુકમ કરી શકશે.

નોંધ :- આ સિવાય ગ્રી. રી. સેલ સુ.કોર્ટ યુનિવર્સિટી ઓફ કેરાલા વિરૂધ્ધ કાઉન્સીલ પ્રિન્સીપાલ કોલેજીસ કેરાલા કેસમાં (૨૦૦૬) ૮ સુ. કો. કે. ૩૦૪, માં જણાવ્યા મુજબ કાર્યવાહી અપનાવશે.

**(૧૬)** જે યુનિવર્સિટી સંલગ્ન કોલેજો / યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગો આ બંધારણનો અમલ ન કરે તે સંલગ્ન કોલેજો / યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગોને યુનિવર્સિટી તરફથી યોજાતી રમતગમત યુવક કલ્યાણની કે અન્ય કોઇ પણ સ્પર્ધા કે પ્રવૃતિમાં ભાગ લેવા દેવાશે નહી.

B.K.M. SCIENCE COLLEGE VALSAD GUJARAT INDIA

(૧૭) આ બંધારણની કોઇ પણ કલમના અર્થઘટન અંગે કોઇ શંકા કે મતભેદ હોય તો તે અંગે કુલપતિશ્રીનો નિર્ણય આખરી અને સર્વને બંધનકર્તા રહેશે.

નોંધ :- આ બંધારણમાં જ્યાં સ્ટુડન્ટ્સ યુનિયન શબ્દ હોય ત્યાં વિદ્યાર્થીસંઘ અને જ્યાં સ્ટુડન્ટ્સ કાઉન્સીલ શબ્દ હોય ત્યાં વિદ્યાર્થી પ્રતિનિધિ સભા એ પ્રમાણે સમજવું.

(૧૮) સંલગ્ન કોલેજો/યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગોમાં કોઇ વિદ્યાર્થી ચૂંટણીની પ્રક્રિયામાં ભાગ ન લે તો, આચાર્ય નિયમ મુજબ સી.આર. અને એલ.આર.ની નિમણૂંક કરશે અને તેઓ ભેગા થઇને જી.એસ.ની ચૂંટણી કરશે.

(૧૯) સંલગ્ન કોલેજો/યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગોમાં ચૂંટણી જાહેર થયા પછી, ચૂંટણીની પ્રક્રિયા શરૂ થયા બાદ કોલેજ/અનુસ્નાતક ભવનોમાં હિંસક, ગેરકાનૂની બનાવ થાય તો તેવા સંજોગોમાં આચાર્યશ્રી/વડાશ્રી ચૂંટણીના કોઇ પણ સ્ટેજ ઉપર ચૂંટણી મૌકુફ રાખશે અને તેની જાણ યુનિવર્સિટીને કરશે.

(૨૦) આ બંધારણની જોગવાઇઓ ઉપરાંત જે તે કોલેજો/વિભાગના વડા, સ્થાનિક સ્થિતિઓને ધ્યાનમાં લઇ આચાર્ય/વડા સ્ટુડન્ટસ કાઉન્સિલની યોગ્ય રીતે રચના થાય તે માટેના અન્ય નિયમો બનાવી શકશે. પરંતુ આવા નિયમો જે તે વર્ષની ચૂંટણી જાહેર થાય ત્યારે તે જાહેરનામા સાથે કોલેજ/વિભાગના નોટિસ બોર્ડ પર મુકવાના રહેશે.

B.K.M. SCIENCE COLLEGE VALSAD GUJARAT INDIA

(૧૧)

Student council election Code of conduct

# સ્ટુડન્ટસ યુનિયન વિદ્યાર્થી સંઘની ચૂંટણી માટેની આચાર સંહિતા

(૧) કોલેજ કેમ્પસમાં મતદાનના સમયના ૨૪ કલાક અગાઉ ચૂંટણી પ્રચાર બંધ કરવો.

(૨) કોલેજ કેમ્પસ પર દરેક વર્ગ પ્રતિનિધિ માટેના ઉમેદવારને વર્ગમાં પ્રચાર કરવાની તક અંગે કોલેજના આચાર્યશ્રીની લેખિતમાં પરવાનગી લેવાની રહેશે.

(૩) ચૂંટણી પ્રચાર માટે કોઇ પણ પ્રકારનાં પોસ્ટર્સ, હોર્ડીંગ્સ તથા કોલેજ કેમ્પસમાં કે જાહેર રસ્તા પર કે દિવાલો ઉપર લખાણ કે ચિત્રામણનો નિષેધ રહેશે.

(૪) ચૂંટણી માટેનો પ્રચાર માત્ર મૌખિક અભિવ્યકિત તથા લેખિત પરિપત્ર / પત્રિકા ધ્વારા કરવાનો રહેશે.

(૫) ચૂંટણી પ્રચારમાં હરીફ ઉમેદવાર માટે વ્યકિતગત ટીકાઓ અને અંગત આક્ષેપો થઇ શકશે નહી.

(૬) ચૂંટણીના દિવસે વિદ્યાર્થી પોતાનું જે તે શૈક્ષણિક વર્ષનુ ઓળખપત્ર બતાવી કેમ્પસ પર અને મતદાન મથક પર દાખલ થશે અને મતદાન કરી શકશે. અન્ય વિદ્યાર્થીનું ઓળખપત્ર લઇને અનધિકૃત વ્યકિત કોલેજ કેમ્પસ પર કે મતદાન મથક પર પ્રવેશ કરવાનો કે મતદાન કરવાનો પ્રયત્ન કરશે તો તેવા સંજોગોમાં જે તે વ્યકિત તથા જેમનું ઓળખપત્ર છે તે વિદ્યાર્થી આચાર્યશ્રી ધ્વારા શિક્ષાને પાત્ર થશે. તેમજ તેમાં સંડોવાયેલા ઉમેદવારની ઉમેદવારી રદ થશે.

(૭) ધર્મ, કોમ, ન્યાતજાતનાં ભેદભાવ વિગેરેનાં આધારે ચૂંટણી પ્રચાર થઇ શકશે નહી.

(૮) મતદારોને કોઇ પણ પ્રકારનાં પ્રલોભનો આપી શકાશે નહિં કે દાબદબાણ કરી શકાશે નહિ.

(૯) ચૂંટણીની પ્રકિયા દરમ્યાન કોલેજ કેમ્પસ ઉપર મતદાર (વિદ્યાર્થી) સિવાય કોઇ પણ અન્ય શખ્સ દાખલ થઇ શકાશે નહિ.

(૧૦) કોલેજ કેમ્પસ ઉપર ચૂંટણીના પ્રચારમાં કે ચૂંટણી પરિણામ પછી ઉજવણીમાં બિભત્સ ગીત કે બિભત્સ ચેનચાળા કે બિભત્સ નાચકૂદ કે વર્તન સર્વથા નિષિધ્ધ રહેશે.

(૧૧) ચૂંટણીનાં પ્રચાર કે પરિણામની ઉજવણી માટે રૂા. ૨૦૦૦/- થી વધુનો ખર્ચ કરી શકાશે નહી. બે અઠવાડિયામાં તેનો હિસાબ અધિકૃત પુરાવા સાથે આપવાનો રહેશે.

(૧૨) ચૂંટણી પ્રકિયા દરમ્યાન હિંસા, ધાંધલ, મારામારી, અપહરણ જેવા અપકૃત્યોમાં સંડોવાયેલાં વિદ્યાર્થી શિક્ષાને પાત્ર રહેશે.

(૧૩) ચૂંટણી પ્રકિયાને મતદાનના દિવસે કોલેજનાં આચાર્યશ્રી, સ્ટાફ તથા યુનિવર્સિટીના ફરજ પરનાં કર્મચારી સાથે ઉધ્ધત વર્તન કરનાર વિદ્યાર્થી શિક્ષાને પાત્ર થશે.

(૧૪) ચૂંટણી પ્રચારમાં વાહન, લાઉડસ્પીકર કે પ્રાણીઓનો ઉપયોગ કરી શકાશે નહિ.

(૧૫) ચૂંટણી પૂર્ણ થયા બાદ તમામ ઉમેદવારોએ ભેગા થઇ ૪૮ કલાકમાં કોલેજ કેમ્પસ સ્વખર્ચે સાફ કરી આપવાનું રહેશે.

B.K.M. SCIENCE COLLEGE VALSAD GUJARAT INDIA